અપીલ અરજી નં.૮૪ તા.૧૦–૭–૦૮

અરજદારઃ શ્રી ઝહીર અહમદ ગુલામ મુસ્તુફા શેખ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

***હુકમઃ–***

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઝહીર અહમદ ગુલામ મુસ્તુફા શેખનો આઈ ડી.નં.૩૦ તા.૨૬–૫–૦૮ ની અરજીથી આવકાર કો.ઓ.હા. સો.વિભાગ–૨ (પાકીઝા સોસાયટી) રાંદેર એમ એમ. પી. ઈંગ્લીસ મીડીયમ હાઈસ્કુલ પાછળ પ્લોટ નં.૨ થી ૫ અને ૭ ના કબ્જેદારોએ માર્જીનવાળી જગ્યામાં કરેલ ગેરકાયદેસર બાંધકામોની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૦–૭–'૦૮ ની અપીલ અરજી નં.૮૪/–૦૮–૦૯

શ્રી ઝહીર અહમદ ગુલામ મુસ્તુફા શેખનો આઈ ડી.નં.૩૦ તા.૨૬–૫–૦૮ ની અરજીથી આવકાર કો.ઓ.હા. સો.વિભાગ–૨ (પાકીઝા સોસાયટી) રાંદેર એમ એમ. પી. ઈંગ્લીસ મીડીયમ હાઈસ્કુલ પાછળ પ્લોટ નં.૨ થી ૫ અને ૭ ના કબ્જેદારોએ માર્જીનવાળી જગ્યામાં કરેલ ગેરકાયદેસર બાંધકામોની માહિતી આપવા બાબતે આ.નં.૪૧ ૫ તા.૧૮–૬–૦૮ ના રોજ રાંદેર ઝોન કક્ષાએથી પાઠવેલ રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ અત્રેની કચેરીના ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે " તેવો જવાબ અપ્રસ્તુત છે તેવા કારણસર એપેલેટ ઓફિસરને તા.૧૦–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે .

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, આપેલ માહિતીમાં ઈન્કાર અને જો કોઈ વિસંગતતા હોય તો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦૬ તા.૧૫–૭–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી અત્રેના વિભાગને અપીલ અરજીની નકલના અનુસંધાને કોઈ પૂરક માહિતી મળેલ નથી. કે માહિતીના ઈન્કાર માટે કોઈ અપવાદ રજુ કરેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીએ અરજદારને પાઠવેલ માહિતી પત્રની નકલ મળેલ છે. જે જોતાં અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે ગેરકાયદેસર દબાણો દુર કરવા કરેલ રજુઆત અંગે કોઈ કાર્યવાહી નહીં કરવા અંગેના કારણોની માહિતી માંગેલ છે. જે માહિતી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર હકીકતલક્ષી માહિતી અરજદારને કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન..... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ઝહીર અહમદ ગુલામ મુસ્તુફા શેખ,